## વડોદરા મહાનગરપાલિકા
## આરોગ્ય વિભાગ

www.vmc.gov.in

### ભરતી અંગેની જાહેરાત

વડોદરા મહાનગરપાલિકામાં ૧૫ મા નાણા પંચ હેઠળ અર્બન આયુષ્ય આરોગ્ય મંદીર (અર્બન હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર) ખાતે ૧૧ માસનાં કરાર આધારીત તેમજ આઉટ સોર્સિંગ દ્વારા નીચે જણાવેલ જગ્યાએ ભરતી કરવા માટે માત્ર ઓનલાઇન અરજીઓ મંગાવવામાં આવે છે. આ માટે ઉમેદવારે www.vmc.gov.in વેબસાઇટ પર **તા.- ૨૯/૧૨/૨૦૨૩ (૧૨.૦૧કલાક) થી તા. ૧૨/૦૧/૨૦૨૪ (૨૩.૫૯ કલાક)** સુધીમાં ઓનલાઇન અરજીઓ કરવાની રહેશે.

| અ.નં. | જગાનું નામ | જગાની સંખ્યા |
|---|---|---|
| ૧ | મેડીકલ ઓફિસર (કરાર આધારીત) | ૪૭ |
| ૨ | સ્ટાફ નર્સ (કરાર આધારીત) | ૫૬ |
| ૩ | એમ.પી.એચ.ડબલ્યુ-Male (કરાર આધારીત) | ૫૮ |
| ૪ | સિક્યોરીટી ગાર્ડ (Out Sourcing) | ૫૯ |

(૧) કોઇપણ સંજોગોમાં ટપાલ કે રૂબરૂ અરજી સ્વીકારવામાં આવશે નહીં. ફક્ત ઓનલાઇન જ અરજી કરવાની રહેશે. (૨) આ જગ્યાઓની શૈક્ષણિક લાયકાત, પગાર ધોરણ તેમજ અન્ય માહિતિઓ વડોદરા મહાનગરપાલિકાની વેબસાઇટ www.vmc.gov.in પરથી મેળવવાની રહેશે.

**નોંધઃ- ઉપરોક્ત જગા ઉપરાંત ભવિષ્યમાં ખાલી પડનાર કે નવી મંજુર જગા ભરવા માટે ઉપર મુજબની કેડર ઉપરાંત બીજી અન્ય કેડર માટે પણ ૨ વર્ષ સુધીની પ્રતિક્ષા યાદી તૈયાર કરવામાં આવશે.**

**ડે.મ્યુનિસિપલ કમિશનર**

**પી.આર.ઓ. નં ૧૨૫૮/૨૩-૨૪** **વડોદરા મહાનગરપાલિકા**

## આરોગ્ય વિભાગ
## વડોદરા મહાનગરપાલિકા

# સીધી ભરતી માટેની જાહેરાત
## (જાહેરાત ક્રમાંકઃ ૧૨૫૮/૨૦૨૩-૨૪)

| ક્રમ | જગ્યાનું નામ | કુલ જગ્યા | શૈક્ષણીક લાયકાત | ફિક્સ પગાર (પ્રતિ માસ) |
|---|---|---|---|---|
| ૧ | મેડીકલ ઓફિસર (કરાર આધારીત) | ૪૭ | એમ.બી.બી.એસ., ગુજરાત મેડીકલ કાઉન્સીલમાં રજીસ્ટ્રેશન કરાવેલ હોવુ જરૂરી છે. | ૭૦૦૦૦/- |
| ૨ | સ્ટાફ નર્સ (કરાર આધારીત) | ૫૬ | ઇન્ડિયન નર્સિંગ કાઉન્સીલ દ્વારા માન્ય સંસ્થામાંથી BSC(Nursing) નો કોર્સ, અથવા ઇન્ડિયન નર્સિંગ કાઉન્સીલ દ્વારા માન્ય સંસ્થામાંથી જનરલ નર્સિંગ ડિપ્લોમા અને મિડવાઇફરી નો કોર્સ. ગુજરાત નર્સિંગ કાઉન્સિલમાં રજીસ્ટ્રેશન કરેલ હોવુ જરૂરી છે. બેઝીક કોમ્પ્યુટર નો સર્ટિફિકેટ કોર્સ કરેલ હોવો જરૂરી છે. | ૧૩૦૦૦/- |
| ૩ | એમ.પી.એચ.ડબલ્યુ-Male (કરાર આધારીત) | ૫૮ | ૧૨ પાસ અને સરકાર માન્ય સંસ્થામાંથી એમ.પી.એચ.ડબલ્યુ.નો ૧ વર્ષિય તાલીમ કોર્ષ અથવા ૧૨ પાસ અને માન્ય સંસ્થામાંથી સેનેટરી ઇન્સ્પેક્ટરનો કોર્ષ કરેલો હોવો જોઇએ. બેઝીક કોમ્પ્યુટર નો સર્ટિફિકેટ કોર્સ કરેલ હોવો જરૂરી છે. | ૧૩૦૦૦/- |

| | | | | |
|---|---|---|---|---|
| ૪ | સિક્યોરીટી ગાર્ડ (Out Sourcing) | ૫૯ | ધોરણ ૮ પાસ તેમજ ગુજરાતી ભાષાનું સંપુર્ણ જ્ઞાન ધરાવતા હોવા જોઇએ.<br>આર્મીના એક્સ સર્વીસમેનને પસંદગીમા પ્રાધાન્ય | **શ્રમ અને રોજગાર વિભાગ, ગુજરાત સરકારના નિયમ અનુસાર** |

## **જાહેરાતની સામાન્ય જોગવાઇઓ:**

1. ઉપર જણાવેલ જગ્યા માટે ઉમેદવારી કરતાં પહેલાં ઉમેદવારે પોતે જરૂરી પાત્રતા ધરાવે છે કે નહીં તેની ખાત્રી કરવી.
2. રસ ધરાવતા ઉમેદવારોએ તા.- ૨૯/૧૨/૨૦૨૩ (૧૨.૦૧કલાક) થી તા. ૧૨/૦૧/૨૦૨૪ (૨૩.૫૯ કલાક) દરમ્યાન **www.vmc.gov.in** વેબસાઇટ પર ઓનલાઇન અરજી કરવાની રહેશે. ઓનલાઇન અરજી કરતાં પહેલા ભરતીને લગતી માહિતી તેમજ સુચનાઓ **www.vmc.gov.in** ઉપરથી વાંચી લેવાની રહેશે.
3. **શૈક્ષણિક માહીતી:** દરેક પોસ્ટ માટેની શૈક્ષણિક માહીતી જો સામેલ **education qualification details** મા ના હોય તો **OTHER1** અને કોમ્પુટર કોર્ષ ની માહીતી **OTHER2** માં ભરવી.
4. **વયમર્યાદા:**
   જગા નં ૧ માટે -૬૨ વર્ષ થી વધુ તેમજ નિવૃત ઉમેદવાર અરજી કરી શકશે નહીં .
   જગા નં ૨, ૩ અને ૪ માટે – ૪૫ વર્ષ થી વધુ તેમજ નિવૃત ઉમેદવાર અરજી કરી શકશે નહીં .
   અરજી સ્વીકારવાની છેલ્લી તારીખને ધ્યાને લઇને ઉંમર ગણવામાં આવશે.
5. ઉમેદવારે નિયત અરજી પત્રકમાં ભરેલ વિગતો સમગ્ર ભરતી પ્રક્રિયા માટે આખરી ગણવામાં આવશે અને તેના પુરાવાઓ કચેરી દ્વારા માંગવામાં આવે ત્યારે અસલમાં રજુ કરવાના રહેશે અન્યથા અરજીપત્રક જે તે તબકકે રદ ગણવામાં આવશે.
6. ઉમેદવારે સરકાર માન્ય સંસ્થામાંથી જગ્યાને અનુરૂપ CCC+/CCC લેવલનો કોમ્પ્યુટર કોર્ષ અવશ્ય પાસ કરેલ હોવો જોઇએ.
7. ભરતી પ્રક્રિયા દરમ્યાન જો કોઇ ઉમેદવાર દ્વારા સીધી અથવા આડકતરી રીતે રાજકીય કે અન્ય કોઇ રીતે ભલામણના પ્રયાસ કરનાર ઉમેદવાર ગેરલાયક ઠરશે.
8. ઉમેદવારે અરજી પત્રકમાં કોઇ પણ વિગત ખોટી બતાવેલ હશે અને તે ધ્યાનમાં આવશે તો તેનું અરજીપત્રક/નિમણુંક કોઇ પણ તબકકે રદ કરવામાં આવશે.
9. આ જાહેરાત અન્વયેની ભરતી અંગે લેખિત પરિક્ષા/મૌખિક ઇન્ટરવ્યુ બાબતે વડોદરા મહાનગર પાલિકા ના સક્ષમ અધિકારીશ્રી દ્વારા નિર્ણય કરવામાં આવશે.
10. પ્રમાણપત્રોની પ્રત્યક્ષ ચકાસણી/લેખિત/મૌખિક કસોટી માટે બોલાવવામાં આવતા ઉમેદવારોને કોઇપણ જાતનું મુસાફરી ભથ્થુ મળવાને પાત્ર થશે નહીં.
11. આ જાહેરાત કોઇ પણ કારણસર રદ કરવાની કે તેમાં ફેરફાર કરવાની આવશ્યકતા ઉભી થશે તો તેમ કરવાનો સંપૂર્ણ હક/અધિકાર મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, વડોદરા ને રહેશે.
12. ઉમેદવારને ઓનલાઇન અરજી કર્યા બાદ જાહેરાત સંબંધી અન્ય કોઇ સુચના માટે www.vmc.gov.in વેબસાઇટ સતત જોતા રહેવા અનુરોધ છે.

તા. ૨૯/૧૨/૨૦૨૩

.




To get the latest jobs alert on your mobile

Please Join our WhatsApp group